eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 169
November 28, 2008

## નોર્થ ઝોનની કામગીરી

(૧)નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨–૧૧–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી ...
(૨)નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬–૧૧–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "વિશ્વ એઈડ્ઝ દિન"

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ ધ્વારા ૧લી ડીસેમ્બર, ૨૦૦૮ને સોમવારનાં રોજ "વિશ્વ એઈડ્ઝ દિન" રાજય સ્તરની ઉજવણી સુરત શહેર ખાતે નકકી કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકા તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, કંપનીઓ, મેડીકલ એસોસીયેશન, કોલેજો વગેરેનાં પ્રતિનિધિઓ ભાગ લેશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોનની (વરાછા)કામગીરી

સરથાણા તથા નાના વરાછા વિસ્તારમાં દૂર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોનની કામગીરી

(૧) નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨–૧૧–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મેજબ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ ટી. પી. સ્કીમ નં.૪૯ (કતારગામ) ફા. પ્લોટ નં.૧૨૯માં આવેલ તપોવન સોસાયટીના સબ પ્લોટ નં.૫–૬માં હયાત ગ્રાઉન્ડ ફલોર  તેમજ બીજા માળના બાંધકામ પર ત્રીજોમાળ બનાવતાના ઈરાદે કોલમ બીમ ભરી તે પર લગભગ ૨૦૦૦ ચો. ફુટ વિસ્તારનો આર. સી. સી. સ્લેબ ભરેલ. જે સ્લેબ તા.૨૨–૧૧–૨૦૦૮ના રોજ શહેર વિકાસ ખાતા તથા દબાણ ખાતા ધ્વારા દૂર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬–૧૧–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મેજબ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ ટી. પી. સ્કીમ નં.૪૯ (કતારગામ)માં આવેલ સર્જન સ્પોટર્સ કલબની બાજુમાં આવેલ સુરત મહાનગરપાલિકાની માલિકીના "વોટરવર્કસ" ના હેતુ માટે અનામત પ્લોટ પર બંધાય ગયેલા ૨૮ (અઠાવીસ) ઝુંપડાઓનું દબાણ આજ તા.૨૬–૧૧–૨૦૦૮ના રોજ શહેર વિકાસ ખાતા તથા દબાણ ખાતા ધ્વારા દૂર કરવામાં આવેલ છે. તદઉપરાંત કતારગામનાં ગામતળ વિસ્તારમાં આવેલ વાલાવાડીમાં ગ્રાઉન્ડ ફલોર તેમજ ફસ્ટ ફલોરનાં બાંધકામમાં મંજુર પ્લાન વિરૂધ્ધના પ્રોજેકટસ તોડવામાં આવેલ છે.

TOP

## "વિશ્વ એઈડઝ દિન"

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા ૧લી ડીસેમ્બર, ૨૦૦૮ને સોમવારનાં રોજ "વિશ્વ એઈડઝ દિન" રાજય સ્તરની ઉજવણી સુરત શહેર ખાતે નકકી કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકા તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, કંપનીઓ, મેડીકલ એસોસીયેશન, કોલેજો વગેરેનાં પ્રતિનિધિઓ ભાગ લેશે.

જે અંતર્ગત ૧લી ડીસેમ્બરનાં રોજ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|
| ૧ | સવારે ૧૦.૦૦ કલાકે | ગુજરાત ગેસ સર્કલ, સરદાર પુલથી જોગાણીનગર | રેલી |
| ૨ | સવારે ૧૧.૦૦ કલાકે | જોગાણીનગર પાર્ટી પ્લોટ, જયોતિન્દ્ર દવે ગાર્ડન પાસે | સમાપન સમારોહમાં મા.આરોગ્ય મંત્રીશ્રી, જયનારાયણ વ્યાસ, ફિલ્મ અભિનેત્રી પ્રાચી દેસાઈ ઉપસ્થિત રહેનાર છે. |
| ૩ | સાંજે ૪.૦૦ કલાકે | સભાખંડ, મુગલીસરા | એડવોકશી વર્કશોપ, મ્યુ. કોર્પોરેટરશ્રીઓ સાથે |
| ૪ | સાંજે ૬.૩૦ કલાકે | ચોપાટી | એચ.આઈ.વી.મૃતકોને શ્રધ્ધાંજલી કાર્યક્રમ |

TOP

## પૂર્વ ઝોનની (વરાછા)કામગીરી

સરથાણા તથા નાના વરાછા વિસ્તારમાં દૂર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ

(૧) સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ટી. પી. સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક), ફા. પ્લોટ નં.૩૯ એ. બ્લોક નં.૧૮૨ પૈકીમાં આવેલ પાર્વતીનગર સોસાયટીના પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ હતા. મંજુર પ્લાન વિરૂધ્ધ સબ પ્લોટ નં.ઈ–૧૨ના મિલ્કતદાર ધ્વારા કેનાલ રસ્તા તરફે આવેલ ઓપન સ્પેસની જગ્યામાં આશરે ૨૦ × ૧૫ માપ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ શરૂ કરતા પૂર્વઝોન ધ્વારા મિલ્કતદારને મનાઈ હુકમ તથા શોકોઝ નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતાં મિલ્કતદાર તરફથી ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં નહી આવતા, ઓપન સ્પેશમાં કરવામાં આવેલ આશરે ૩૦૦ ચો. ફુટનું ઈંટના ચણતરની દિવાલ તથા આર. સી. સી. કોલમનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨) ડ્રા. ટી. પી. સ્કીમ નં.૩૮ (નાના વરાછા)માં આવેલ વંદના સોસાયટી વિભાગ–૧ સબ પ્લોટ નં.૪૬ના મિલ્કતદાર ધ્વારા માર્જીનની જગ્યા છોડયા વગર સોસાયટીના ફા. પ્લોટની દિવાલ ઉપર ચણતરની દિવાલ લેવાનું શરૂ કરતા આજ રોજ આશરે ૫' × ૮' માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ દુર કવામાં આવેલ જયારે બાકીની દિવાલનું બાંધકામ મિલ્કતદારે જાતે દુર કરવાની બાંહેધરી આપેલ.

ઉપરોકત કામગીરી પૂર્વઝોનના દબાણ ખાતાના સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

(૩) પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં ૧૮૬ દબાણો દુર કરવામાં આવ્યા

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં ઉપસ્થિત લોક ફરિયાદો, મ્યુ. સભ્યશ્રીઓની રજુઆતોને અનુલક્ષીને દબાણ અભિયાન આયોજિત કરવામાં આવેલ. સદર દબાણ અભિયાન દરમ્યાન સુરત બારડોલી રોડ પર આવેલ એ.પી.એમ.સી. માર્કેટ, વરાછા મેઈન રોડ પર સિધ્ધકુટિર વિસ્તાર, ધરમનગર હાઈટેન્શન રોડ અટલજીનગર કરણીમાતા ચોક જેવા મહત્વનાં રસ્તાઓ/જંકશનો આવરી લેવામાં આવ્યા હતા. આ દબાણ અભિયાન દરમ્યાન ૧૦૨–ખુલ્લી/બંધ લારીઓ, ૫–સાયકલો, ૧૦ કાઉન્ટરો, ૬૪–કેરેટ, ૫–નંગ છાબ, મળીને જુદા–જુદા પ્રકારનું ૧૮૬ નંગ જપ્ત લેવામાં આવ્યા હતા. આ દબાણ અભિયાન અત્રેનાં શહેર વિકાસ/દબાણ સ્ટાફ, સાઉથ–વેસ્ટ ઝોનનાં દબાણ સ્ટાફની મદદથી પાર પાડવામાં આવ્યા હતા.

બેનર હટાવ અભિયાન : વરાછા વિસ્તારમાં આવેલ જુદા–જુદા ટી.પી./જાહેર રસ્તાઓ તેમજ જાહેર મિલ્કતો, ફલાય ઓવર બ્રીજ પર લગાવવામાં આવેલ બેનરો, નંગ–૪૦૫ પોસ્ટરો દુર કરવામાં આવ્યા છે.

TOP